# ૧૬ મારું ઘર

U7H3T5

મારું નામ નસીમ છે. હું શ્રીનગરમાં રહું છું. ગઈ કાલથી અમારી શાળામાં ઘણી બધી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. તે અઠવાડિયા સુધી ચાલવાની છે. અમારી શાળામાં કૅમ્પ છે એટલે આવું આયોજન છે. બાળકો બીજી જગ્યાએથી પણ કૅમ્પ માટે અહીં આવ્યાં છે. બધાંને રહેવા માટે મેદાનમાં તંબુ (tent-ટેન્ટ) બાંધ્યા છે.



અમે શાળા ખૂબ જ સુંદર રીતે શણગારી છે. કેટલાંક બાળકોએ કપડાંના ટુકડામાંથી બારણાંનાં તોરણ બનાવ્યાં. કેટલાંકે બદામનાં ફોતરાંનો ઉપયોગ કરી સુશોભન કર્યું. કેટલાંકે સૂકાં પાંદડાં અને લાકડાંનાં વહેરનો ઉપયોગ કરી રંગોળી બનાવી.

K7Q4J8

મકાનોમાં વિવિધતા બતાવવા, ઉદાહરણોમાં અસમ, રાજસ્થાન, દિલ્લી અને પર્વતીય પ્રદેશોનો ઉપયોગ થયો છે. જો બાળકો મકાનોનાં માળખાં, મકાનો કેવી આબોહવા (climate-ક્લાઈમેટ)ને અનુરૂપ બાંધવામાં આવ્યાં છે, તે જાણતા હોય તો રીતે સારી સમજી શકે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આજે કૅમ્પનો પ્રથમ દિવસ છે. અમે બધાં ખૂબ ખુશ છીએ. સવારમાં અમે બધાં ભેગાં મળીને મેદાનમાં વર્તુળ બનાવી બેઠાં હતાં. દરેકે પોતાનો પરિચય આપવાનો હતો. પોતે ક્યાંથી આવ્યાં અને પોતાને શું ભાવે તેની વાત કરવાની હતી. બધાં બાળકો તેમના કુટુંબના અને ઘરના ફોટા લાવ્યા હતાં. દરેકે પોતાના ઘર વિશે વાત કરી. ભુપેનના જૂથનો પહેલો જ વારો હતો.



**ચર્ચા :**

**ભુપેને પોતાનો પરિચય આપ્યો અને કહ્યું :**

વાંસ કે લાકડાંના ઘરમાં રહેનારને શું ધ્યાન રાખવું પડે ?




❊ ભુપેન જ્યાં રહે છે, ત્યાં ઘર કેમ વાંસના થાંભલા પર બનાવાય છે ?

_______________________________________________

_______________________________________________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

❇ ભુપેનના ગામનાં ઘરનાં છાપરાં કેવાં હોય છે ? તે કેમ એવાં બનાવવામાં આવે છે ?

❇ આ ઘરમાં પ્રવેશ કરવા શું કરવું પડતું હશે ?



**ચર્ચા :**

❇ ભુપેનના ઘરમાં રાત્રે દાદર કેમ લઈ લેવામાં આવતો હશે ?

❇ પથ્થરના ઘર બનાવવામાં શું અગવડ પડે છે ?

**હવે, ચમેલીનો વારો આવ્યો. તેણીએ કહ્યું :**






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

* ચમેલીનું ઘર કયા વિસ્તારમાં છે ?

* ચમેલી અને ભુપેનનાં ઘરનાં છાપરાંમાં શું સમાનતા છે ?

* આ વિસ્તારમાં છાપરાં કેવી રીતે ઉપયોગી છે ?

**ચર્ચા :**

* પાકા મકાનમાં રહેવાથી કયા-કયા લાભ થાય છે ?

**મિતાલી અને અનુજે કહ્યું :**

મિતાલી અને અનુજ રાજકોટથી આવ્યાં છે. તેઓએ દરેકને રાજકોટનાં ચિત્રો બતાવ્યાં. એક ચિત્રમાં ઊંચી બિલ્ડિંગો જોઈ, ભુપેને કહ્યું : ''ઓહ ! કેટલાં ઊંચાં મકાન, તમે લોકો કેવી રીતે ચડો છો ?''



આ મકાનો જુઓ અને શોધો કે તમારા વિસ્તારનાં મકાનો જેવાં મકાનો છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


બહુમાળી મકાનોમાં ઉપર જવા માટે શું વ્યવસ્થા હશે ?

નવી દિલ્લી એ ભારતનું પાટનગર છે. નગરો અને ગામડાઓમાંથી લોકો દિલ્લી જેવાં મોટાં શહેરોમાં કામની શોધમાં આવે છે. આ લોકો શહેરમાં સ્થાયી થાય છે. અહીંયાં ઘણાં લોકો ખૂબ જ ઓછી જગ્યામાં રહે છે. ઘણા લોકો પાસે મકાન જ હોતાં નથી. તેઓ ઝૂંપડપટ્ટીમાં રહે છે. કેટલાંકની પાસે ઘર પણ હોતું નથી. આવા માણસોને જ્યાં જગ્યા મળે ત્યાં સૂઈ જાય - રોડ પર, ફૂટપાથ પર, સ્ટેશન પર...

**ચર્ચા :**

* માટીના મકાનમાં રહેનારે શું-શું ધ્યાન રાખવું પડે ?

**કાશીરામે બધાંને કહ્યું :**





ઘર વગરના માણસોની મુશ્કેલીઓની ચર્ચા બાળકો કરતાં હોય, ત્યારે એ ચર્ચા ખૂબ જ સંવેદનશીલતાથી થાય એ ખૂબ મહત્ત્વનું છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તેવી જ રીતે, બધાં જૂથોએ પોતાના ઘર-મકાનો વિશે કહ્યું. પરિચય પછી સાંસ્કૃતિક કાર્યક્રમ ચાલુ થયો. બાળકોએ જુદાં-જુદાં નૃત્યો રજૂ કર્યાં. તેઓએ પોતાની ભાષામાં લોકગીતો રજૂ કર્યાં. દરેકને બદામ અને ઇલાયચી સાથે કશ્મીરનું પીણું 'કાહવા' અપાયું. અમે ખૂબ જ મજા માણી.

સાંજે અમે દાલસરોવર ગયાં. અમે નાવડીમાં બનાવેલું ઘર (હાઉસબૉટ) જોયું. અમે શિકારામાં બેઠાં અને તેને પાણીમાં ચલાવવા કેટલાંક બાળકોએ હલેસાં માર્યાં. અમે વાદળો, પર્વતો વચ્ચે 'ચાર ચિનાર' જોયું.

❊ હાઉસબૉટ બીજાં મકાનોથી કેવી રીતે અલગ છે ?

______________________________

______________________________

______________________________

❊ શું તમને એવા ઘરમાં રહેવું ગમે ? કેમ ?

______________________________


______________________________

______________________________




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચિત્રો જુઓ અને જોડો :



ઝૂંપડી




બરફનું ઘર (ઇગ્લુ)



તંબુ



ભૂંગો



હાઉસબોટ



બહુમાળી મકાન

| તમે જોયેલાં ઘર અહીં દોરો. |
| --- |
| |
| |
| |
| |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

❊ તમારું ઘર જે વસ્તુથી બનેલું હોય તેના પર ✓ કરો.

| ઘાસ | છાણ | લાકડું | સિમેન્ટ | કૅનવાસ | લોખંડ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| પ્લાસ્ટિક | ચૂનાના પથ્થર | વાંસ | ઈંટો | કાચ | પથ્થર |
| | | | | | |

તમારા પડોશના ઘરો જુઓ. તે શાનાં બનેલાં છે ? યાદી બનાવો.

__________ __________ __________ __________

__________ __________ __________ __________

❊ ઘર બનાવવા વપરાતી વસ્તુઓના નમૂનાનો સંગ્રહ કરો.

## ચાલો, ઈંટ બનાવીએ :

માટી એકઠી કરો. તેમાં પાણી ઉમેરી માટી ગૂંદો. ખાલી દીવાસળીની પેટી ભરો અને દબાવો. સુકાય ત્યાર બાદ કાઢી લો. તમારી નાની ઈંટ તૈયાર છે.

તમારી બનાવેલી ઈંટોને રંગ કરો. તેમના પર તમારું નામ લખો. બધી ઈંટો રંગીન ઘર બનાવવા ઉપયોગમાં લો. આ ઘરના છાપરાને સજાવો.

- જુદા-જુદા પ્રકારનાં ઘરનાં ચિત્રોનો સંગ્રહ કરો અથવા દોરો. એક સુંદર ચાર્ટ બનાવવા તેનો ઉપયોગ કરો. તમારા વર્ગખંડમાં મૂકો.

સ્થાનિક ઉપલબ્ધ વસ્તુઓનો સંગ્રહ કરી બાળકો ઘર બનાવવા માટે કઈ વસ્તુઓ જોઈએ તેના વિશે સારી રીતે સમજી શકશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in